**National Testing Agency, New Delhi દ્વારા લેવામાં આવનાર NEET (UG) પરીક્ષાના સુચારુ આયોજન માટે રાજ્ય સરકાર દ્વારા ગોઠવાયેલ વ્યવસ્થા બાબતે માન. મંત્રીશ્રી (શિક્ષણ) દ્વારા રવાના કરવામાં આવેલ પ્રેસ નોટ**

---

- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ઇજનેરી, ફાર્મસી, મેડિકલ, આયુર્વેદિક, હોમીયોપેથીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરીક્ષા **(Common Entrance Test) National Testing Agency (NTA), New Delhi** દ્વારા તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ લેવામાં આવનાર છે તેના અનુસંધાનમાં રાજ્યના વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવાની તૈયારીઓ બાબતે અને સમગ્ર પરીક્ષા **Covid-19**ની મહામારીની પરિસ્થિતિમાં સારી રીતે પરિપૂર્ણ થાય તે માટે વહીવટીતંત્રને કાળજીપૂર્વક કામગીરી કરવા બાબતે અગાઉ માર્ગદર્શન આપેલ હતું. જે પરીક્ષાની પૂર્વતૈયારીના અનુસંધાને શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ સાથે આજરોજ તા.૧૧/૦૯/૨૦૨૦ મિટીંગનું આયોજન કરી **NEET** પરીક્ષાના સંદર્ભે **NTA** ના સ્ટેટ કો-ઓર્ડીનેટર શ્રી વિરેન્દ્ર રાવત સાથે પરામર્શમાં રહીને જરૂરી તમામ સહકાર પૂરો પાડવા માટે જરૂરી સૂચનાઓ આપેલ છે.
- મેડિકલ સંલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે **NEET (UG)** તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ યોજાવાની છે. **NEET (UG)**ની પરીક્ષા ૧૦ જિલ્લાઓના કુલ ૨૧૪ કેંદ્રો ખાતે લેવાનાર છે. જેમાં ૮૦,૨૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.
- આ માટે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આ પરીક્ષાઓ સુચારુ રીતે ગોઠવાય તે માટે રાજ્ય સરકારને જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવા નિર્દેશ આપેલ છે. જે અનુસાર રાજ્યના કુલ ૧૦ જિલ્લાઓમાં યોજાનાર આ પરીક્ષા માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવાય તે રાજ્ય સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આ પરીક્ષાઓ જ્યાં યોજાવાની છે તે જિલ્લાઓના સંબંધિત તમામ કલેક્ટરશ્રીઓને કેંદ્ર સરકારના **Ministry of Human Resource Development** દ્વારા તા.૬ જુલાઇ, ૨૦૨૦ના રોજ જારી કરાયેલ **Standard Operating Procedure (SOP)** ની વિગતો અનુસાર અચૂક કાર્યવાહી થાય તે માટે માન. મંત્રીશ્રી (શિક્ષણ) દ્વારા સૂચનાઓ આપવામાં આવેલ છે. આ પરીક્ષાના સંચાલન દરમ્યાન વિદ્યાર્થીઓ તથા વાલીઓને તકલીફ ન પડે તે અનુસાર વ્યવસ્થાતંત્ર ગોઠવવા, જેમાં ખાસ કરીને પરીક્ષાસ્થળો અને પરીક્ષાખંડો સેનેટાઈજ થાય,

પરીક્ષાસ્થળો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ અને નિકાસ દરમિયાન સામાજિક અંતર જળવાય, પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થામાં પણ યોગ્ય અંતર જળવાય અને કોઈપણ જાતની ભીડભાડ ન થાય, પરીક્ષાસ્થળો ઉપર વિદ્યાર્થીઓને જો જરૂર હોય તો વધારાના માસ્ક મળી રહે અને થર્મલ ગન વડે પરીક્ષાકેન્દ્રમાં  પ્રવેશનાર તમામ વિદ્યાર્થીઓના  શરીરનું તાપમાનમાપીને પ્રવેશ આપવામાં આવે તથા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાનું સેનેટાઈજેશન થાય. તદઉપરાંત સેશન પુરૂ થાય ત્યારબાદ તરત જ બેઠક વ્યવસ્થાનું સેનીટાઈઝેશન થાય તે પ્રકારે તમામ વ્યવસ્થાઓ ઉભી થાય તે સુનિશ્ચિત કરવા માન. મંત્રીશ્રી (શિક્ષણ)એ જણાવેલ છે. વીજ કંપનીઓ, એસ.ટી. તથા આરોગ્યતંત્ર અને મ્યુનિ. કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટીઓ સાથે પણ સંકલન કરવા માન.મંત્રીશ્રીએ જણાવ્યું હતું. પરીક્ષા કેન્દ્રો પર કાયદો વ્યવસ્થા જળવાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર સાથે સંકલન કેળવી પરીક્ષાસ્થળ ઉપર બિનજરૂરી ભીડ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેની કાળજી લેવા પણ માન. મંત્રીશ્રી (શિક્ષણ)એ પુનઃ સુચના આપેલ છે.

| Sr. | Districts | NEET Centers |
|---|---|---|
| 1 | Ahmedabad | 39 |
| 2 | Anand | 7 |
| 3 | Bhavnagar | 14 |
| 4 | Gandhinagar | 20 |
| 5 | Panchmahals | 7 |
| 6 | Patan | 18 |
| 7 | Rajkot | 39 |
| 8 | Surat | 38 |
| 9 | Vadodara | 20 |
| 10 | Valsad | 12 |
| | Total | 214 |